શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



New Sheth P. T. Multispeciality Hospital
ન્યુ શેઠ પી. ટી. મલ્ટીસ્પેશ્યાલીટી હૉસ્પિટલ
સુરત જનરલ હૉસ્પિટલ - ડૉ. ભટ્ટ હૉસ્પિટલની શાખા
યુરોલોજીસ્ટ (ઓ.પી.ડી.)
ડૉ. પાર્થ શાહ
(M.B.B.S, M.S., M.C.H. (Urology, New Delhi)
યુરોલોજીસ્ટ, એન્ડ્રોલોજીસ્ટ, લેપ્રોસ્કોપિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જન
દરરોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પથરી, પ્રોસ્ટેટ, જાતીય અને પ્રજનન, મૂત્રમાર્ગની સંકળાશ, મૂત્રમાર્ગને લગતા કેન્સર જેવી સમસ્યા માટે ઓપીડીમાં ઉપલબ્ધ.
સાચા અર્થમાં ટ્રસ્ટ હૉસ્પિટલ
યુનિવર્સલ બિઝનેશ સેન્ટર, 'બી' વિંગ, શા. રતિલાલ જ્વેલર્સની ગલીમાં, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
Ph. 9327731021, 0261- 2994800, 2995800, 2383838



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ ચૌદસ, શનિવાર ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૭૨

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦


# મુંબઈમાં ભાજપનો ઐતિહાસિક વિજય

## BMCનું બજેટ 5 નાના રાજ્યો કરતા પણ વધારે

મુંબઈ મહાનગરપાલિકા ભારતની સૌથી ધનિક નાગરિક સંસ્થા છે. વર્ષ 2025-26 માટે BMCનું બજેટ આશરે રૂ.74,427 કરોડ છે. આ બજેટ એટલું વિશાળ છે કે તે હિમાચલ પ્રદેશ અને ગોવા જેવા દેશના પાંચ રાજ્યોના બજેટ કરતા પણ વધુ છે.

| રાજ્ય / સંસ્થા | બજેટ (આશરે) |
|---|---|
| BMC (મુંબઈ) | રૂ.74,427 કરોડ |
| હિમાચલ પ્રદેશ | રૂ.58,514 કરોડ |
| અરુણાચલ પ્રદેશ | રૂ.39,842 કરોડ |
| ત્રિપુરા | રૂ.31,412 કરોડ |
| ગોવા | રૂ.28,162 કરોડ |
| સિક્કિમ | રૂ.16,000 કરોડ |

## BMCમાં પહેલી વાર ભાજપના મેયર હશે

આઝાદીના 77 વર્ષોમાં મુંબઈ મહાનગરપાલિકા પર મુખ્યત્વે કોંગ્રેસ અને શિવસેનાનું વર્ચસ્વ રહ્યું છે. 1947થી 1967 સુધીના 20 વર્ષ કોંગ્રેસના મેયર રહ્યા હતા, જ્યારે 1992 થી 2022 સુધીના 30 વર્ષ સુધી મેયરની ખુરશી પર શિવસેના બિરાજમાન રહી હતી. ભાજપ તેના 45 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત મુંબઈમાં પોતાનો મેયર બનાવવાની સ્થિતિમાં પહોંચ્યું છે. 1980માં પક્ષની સ્થાપના બાદ, ભાજપે 1992 થી 2017 સુધી શિવસેનાને ટેકો આપ્યો હતો. મુંબઈના છેલ્લા મેયર શિવસેનાના કિશોરી પેડણેકર હતા (નવેમ્બર 2019 થી માર્ચ 2022), ત્યારબાદ પદ ખાલી છે અને વહીવટની જવાબદારી મ્યુનિસિપલ કમિશનર સંભાળી રહ્યા છે.

## BMC પર ક્યારે કોનું શાસન રહ્યું?

| વર્ષ | સત્તામાં પક્ષ / ગઠબંધન |
|---|---|
| 1947 - 1967 | કોંગ્રેસ / સમાજવાદી |
| 1968 - 1984 | શિવસેના |
| 1985 - 1992 | શિવસેના |
| 1992 - 2012 | શિવસેના + ભાજપ |
| 2012 - 2017 | શિવસેના (ભાજપનો બહારથી ટેકો) |
| 2017 - 2022 | શિવસેના (ભાજપના સમર્થન વગર) |
| 2022 - 2026 | મ્યુનિસિપલ કમિશનર (ચૂંટણી થઈ ન હતી) |

## ઓવૈસીની પાર્ટીનો રાજ્યભરમાં ૧૧૪ બેઠકો પર વિજય

**છત્રપતિ** સંભાજીનગરમાં 33 બેઠકો સાથે બીજા ક્રમનો સૌથી મોટો પક્ષ

મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીઓમાં AIMIM એ રાજ્યભરમાં કુલ ૧૧૪ બેઠકો જીતીને મજબૂત હાજરી નોંધાવી છે.

**શહેરવાર દેખાવઃ** છત્રપતિ સંભાજીનગરઃ સૌથી વધુ ૩૩ બેઠકો (૩૭ માંથી).

**માલેગાંવઃ** ૨૧ બેઠકો.

**અમરાવતીઃ** ૧૫ બેઠકો.

**નાંદેડઃ** ૧૩ બેઠકો.

**મુંબઈઃ** ૬ બેઠકો.

આ ઉપરાંત ધુલે, સોલાપુર, થાણે, જલગાંવ અને ચંદ્રપુરમાં પણ પક્ષે બેઠકો મેળવી છે.

**જીતના કારણોઃ** અસદુદ્દીન ઓવૈસીનો સઘન ડોર-ટુ-ડોર પ્રચાર

તા. ૧૬-૦૧-૨૦૨૬નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૮° સે. | ૧૪.૬° સે. | ૩૯% |

## » BMC પરથી ઠાકરે પરિવારના ૩ દાયકાના શાસનનો અંત » પુણેમાં ભાજપનો વિજય, પવારો હાર્યા » ૨૯માંથી ૨૫ મહાપાલિકાઓમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ વિજયના પંથે

મુંબઈ, ૧૬ જાન્યુઆરી : અવિભાજિત શિવસેનાના લગભગ ત્રણ દાયકા જૂના વર્ચસ્વને તોડીને, ભારતીય જનતા પાર્ટી (BJP) શુક્રવારે બૃહદમુંબઈ મહાનગરપાલિકા (BMC)ની ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે. આ સાથે ભાજપે પુણેમાં પણ વિજય મેળવ્યો છે, જ્યાં તેણે શરદ પવાર અને અજિત પવારના નેતૃત્વ હેઠળના NCP જૂથોના ગઠબંધનનો સફાયો કર્યો હતો. ભાજપ-શિવસેના(શિંદે)ની મહાયુતિ મુંબઈ મહાપાલિકા પર કબજો જમાવી રહી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડણવીસે સાંજે દક્ષિણ મુંબઈમાં ઉત્સાહિત પક્ષના કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, ૧૫ જાન્યુઆરીએ જે ૨૯ મહાનગરપાલિકાઓમાં ચૂંટણી યોજાઈ હતી, તેમાંથી મુંબઈ સહિત ૨૫ મહાનગરપાલિકાઓમાં ભાજપની આગેવાની હેઠળનું મહાયુતિ ગઠબંધન સત્તા પર આવવા માટે તૈયાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિક ચૂંટણીઓમાં ભાજપ અને સાથી પક્ષોના શાનદાર વિજય બદલ મતદારોનો આભાર માન્યો હતો. મોદીએ X પર પોસ્ટ કર્યું કે, "આભાર મહારાષ્ટ્ર! રાજ્યના ગતિશીલ લોકોએ NDAના જનહિતલક્ષી સુશાસનના એજન્ડાને આશીર્વાદ આપ્યા છે."

BMC ભારતની સૌથી ધનિક નાગરિક સંસ્થા છે, જેનું ૨૦૨૫-૨૬નું બજેટ અધધ ૭૪,૪૨૭ કરોડ રૂપિયા છે. મતોની ગણતરી શુક્રવારે કરવામાં આવી હતી, જેના એક દિવસ પહેલા મતદાનમાં ૫૪.૭૭ ટકા મતદાન નોંધાયું હતું. રાજ્ય ચૂંટણી પંચે હજુ સુધી તમામ

...અનુસંધાન પાના 5 પર

## સમગ્ર મહારાષ્ટ્રમાં ભાજપનો જયજયકાર

| મહાનગરપાલિકા | BJP | SS (શિંદે) | SS-UBT | INC | MNS | NCP | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| મુંબઈ (૨૨૬/૨૨૭) | ૮૮ | ૨૮ | ૬૬ | ૨૪ | ૦૬ | ૦૩ | ૧૧ |
| સમગ્ર મહારાષ્ટ્ર | ૧૪૨૨ | ૩૭૪ | ૧૭૬ | ૩૩૦ | ૧૩ | ૧૫૫ | ૩૭૧ |

## ૨૦ વર્ષ પછી ઉદ્ધવ અને રાજ ઠાકરે સાથે આવ્યા, પરંતુ મરાઠી મતોનું ધ્રુવીકરણ કરવામાં નિષ્ફળ રહ્યા

બૃહદમુંબઈ મહાનગરપાલિકા (BMC) ની ચૂંટણી પહેલા ૨૦ વર્ષથી અલગ રહેલા પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એકસાથે આવ્યા હતા. આ પુનઃમિલનનો મુખ્ય હેતુ મરાઠી મતોને એકઠા કરવાનો અને એકનાથ શિંદેના કબજામાંથી શિવસેનાના વારસાને પાછો મેળવવાનો હતો. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને શરદ પવારની NCP (મહાવિકાસ આઘાડી) સાથે મળીને મળેલી કારમી હાર બાદ, ઉદ્ધવ ઠાકરે માટે આ ચૂંટણી અસ્તિત્વની

...અનુસંધાન પાના 5 પર

## અજિત પવારનો 'કાકા-ભત્રીજા' દાવ નિષ્ફળ: પુણે અને પિંપરીમાં ભાજપ સામે કારમી હાર

મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની 'મહાયુતિ'એ ભવ્ય વિજય મેળવ્યો છે, પરંતુ આ જીત વચ્ચે નાયબ મુખ્યમંત્રી અજિત પવારને મોટો રાજકીય ફટકો પડ્યો છે. ભાજપથી અલગ થઈને પોતાના પરંપરાગત ગઢ ગણાતા પુણે અને પિંપરી-ચિંચવડને બચાવવા માટે અજિત પવારે તેમના કાકા શરદ પવાર સાથે હાથ મિલાવ્યા હતા, પરંતુ તેમનો આ 'ગેમ પ્લાન' સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો છે. અજિત પવાર જે શહેરો પર પોતાનું એકહથ્થુ શાસન માનતા હતા, તે પુણે અને પિંપરી-ચિંચવડમાં ભાજપે ભગવો લહેરાવીને NCPને કારમી હાર આપી છે. પ્રચાર દરમિયાન અજિત પવારે ભાજપના સ્થાનિક નેતૃત્વ પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા હતા. આ તીખા પ્રહારોને કારણે ભાજપ-NCP વચ્ચે તણાવ એટલો વધ્યો હતો કે ભાજપના નેતાઓએ અજિત પવારને 'મર્યાદા'માં રહેવાની ચેતવણી આપવી પડી હતી.

**શરદ પવારની ગેરહાજરીઃ** આ ચૂંટણીમાં સૌથી નોંધપાત્ર બાબત એ હતી કે શરદ પવાર પ્રચારથી દૂર રહ્યા હતા, જ્યારે અજિત પવારે મફત મેટ્રો અને બસ સેવા જેવા લોકપ્રિય વાયદાઓ સાથે સખત મહેનત કરી હતી. તેમ છતાં, મતદારોએ દેવેન્દ્ર ફડણવીસ અને

...અનુસંધાન પાના 5 પર



## ઠાકરેનો ગઢ તૂટ્યો: મરાઠી અસ્મિતા સામે ભાજપના વિકાસનો એજન્ડા હાવી

આ પરિણામ મુંબઈના સત્તા માળખામાં એક મોટો ફેરફાર દર્શાવે છે. વર્ષો સુધી BMC ઠાકરેના નેતૃત્વવાળી શિવસેનાનો અભેદ ગઢ ગણાતી હતી. ભાજપના આ વિજય સાથે, મુંબઈના રાજકારણનો પ્રવાહ પરંપરાગત ઓળખ આધારિત 'મરાઠી અસ્મિતા' થી બદલાઈને ભાજપના 'વિકાસ' અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના એજન્ડા તરફ વળ્યો છે. લગભગ ૨૮ વર્ષથી બૃહદ મુંબઇ મહાનગરપાલિકામાં ઠાકરે કુટુંબના નેતૃત્વ હેઠળની અખંડ શિવસેનાનો દબદબો હતો. ૨૦૧૭ સુધી ત્યાં આ પક્ષનું શાસન હતું જે સમયે એકનાથ શિંદે પણ તેમની સાથે હતા. ત્યારપછી ત્યાં યોજનારી ચૂંટણી એક યા બીજા કારણે પાછળ ઠેલાતી રહી હતી અને ત્યાં વહીવટદારનું શાસન હતું.

## અરૂણ ગવળીને આંચકો: બંને પુત્રીઓ હારી ગઇ

મુંબઇ, તા. ૧૬: ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અરુણ ગવળીને બેવડો ફટકો પડ્યો છે. બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ની ચૂંટણી 2026માં તેમની બંને પુત્રીઓ - ગીતા અને યોગિતા ગવળી - હારી ગઈ છે. આ બંને બહેનો તેમના પિતા દ્વારા સ્થાપિત 'અખિલ ભારતીય સેના' પક્ષની ઉમેદવાર હતી. ભાયખલાના વોર્ડ નંબર 212માં સમાજવાદી પાર્ટીના અમરીન શેહઝાનએ ગીતા ગવળીને હરાવ્યા હતા. જ્યારે વોર્ડ નંબર 207માં યોગિતા ગવળીનો ભાજપના રોહિદાસ લોખંડે સામે પરાજય થયો હતો. આ બેવડી હાર મુંબઈમાં ગવળી પરિવારના ઘટતા જતા રાજકીય પ્રભાવનો સંકેત આપે છે.

## થાણેમાં એક જ કુટુંબના ત્રણ સભ્યો જુદા જુદા પક્ષોમાંથી ચૂંટણી લડીને જીત્યા!

મુંબઇ, તા. ૧૬: મહારાષ્ટ્રનું વિભાજિત રાજકીય દ્રશ્ય હંમેશા આશ્ચર્યો સર્જતું રહે છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મ્હાત્રે પરિવારે ત્રણ પ્રતિસ્પર્ધી પક્ષોની ટિકિટ પર ચૂંટણી લડીને ત્રણ વોર્ડ જીતીને એક અનોખી ચૂંટણી સિદ્ધિ હાંસલ કરી છે. આ મહારાષ્ટ્રમાં વંશવાદી રાજકારણના ઊંડા મૂળ દર્શાવે છે. જ્યારે પ્રહલાદ મ્હાત્રે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ના ઉમેદવાર તરીકે વિજયી થયા, ત્યારે રેખા મ્હાત્રે શિવસેનાની ટિકિટ પર જીત્યા. પરિવારના અન્ય એક સભ્ય રવીન મ્હાત્રેએ ભાજપ માટે એક વોર્ડ સુરક્ષિત કર્યો. જો કે, એકંદરે પરિણામો પ્રહલાદ માટે નિરાશાજનક રહ્યા છે, કારણ કે થાણે નાગરિક ચૂંટણીમાં ભાજપ-

...અનુસંધાન પાના 5 પર

## ટ્રમ્પને આખરે નોબેલ મળ્યો...પણ ગિફ્ટમાં!



**વેનેઝુએલાને** સરમુખત્યારશાહીમાંથી મુક્ત કરાવવા બદલ મારિયા મચાડોએ તેમનો 'નોબેલ શાંતિ પુરસ્કાર' ડોનાલ્ડ ટ્રમ્પને અર્પણ કર્યો

**વ્હાઇટ** હાઉસ જઇને ટ્રમ્પને રૂબરૂ પોતાનો મેડલ આપ્યો

**ન્યૂયોર્ક, વોશિંગ્ટન, તા. ૧૬:** વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોએ જણાવ્યું હતું કે તેમણે તેમનો નોબેલ શાંતિ પુરસ્કાર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અર્પણ કર્યો છે, જેને ટ્રમ્પે પરસ્પર સન્માનની એક અદ્ભુત ચેષ્ટા ગણાવી હતી. મચાડો, જેમણે અગાઉના પ્રસંગોએ કહ્યું હતું કે તેઓ તેમનો નોબેલ પુરસ્કાર ટ્રમ્પને આપશે, તેમણે ગુરુવારે વ્હાઇટ હાઉસમાં અમેરિકી રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

...અનુસંધાન પાના 5 પર

### નોબેલ સમિતિએ કહ્યું: આ એવોર્ડ કોઇને તબદીલ કરી શકાય નહીં

**મચાડોએ** આની સામે જ્યોર્જ વોશિંગ્ટનનું ઉદાહરણ આપ્યું, જેમનો નોબેલ એવોર્ડ એક ફ્રેન્ચ સૈનિકને અપાયો હતો

નોબેલ સમિતિએ મારિયા કોરિના મચાડો દ્વારા પોતાનું ઇનામ ડોનાલ્ડ ટ્રમ્પને ભેટમાં આપ્યા બાદ એક કડક સંદેશ પાઠવ્યો છે. સમિતિએ ભારપૂર્વક જણાવ્યું છે કે આ પુરસ્કાર 'રદ કરી શકાતા નથી, વહેંચી શકાતા નથી અથવા અન્ય કોઈને ટ્રાન્સફર કરી શકાતા નથી.' નોર્વેજિયન નોબેલ સમિતિએ ગુરુવારે એક લાંબી ટ્વિટ (X પોસ્ટ) કરી હતી, જેમાં નોંધ્યું હતું કે જોકે ઘણા પુરસ્કારો વિજેતાના મૃત્યુ પછી 'વારસામાં આગળ વધ્યા' છે, પરંતુ તેને જીવંત વ્યક્તિ દ્વારા ભેટમાં આપી શકાય નહીં. સમિતિએ સ્પષ્ટ કર્યું કેઃ એક મેડલ (પદક) માલિક બદલી શકે છે, પરંતુ 'નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા'નું

...અનુસંધાન પાના 5 પર

## પંજાબ એન્ડ સિંધ બેંકમાં રૂ. ૧૬૨૧ કરોડનું ગેરકાયદે ભંડોળ સંતાડવાનું કૌભાંડ

**આ** બેંકના ભૂતપૂર્વ બ્રાન્ચ વડાઓ સહિત અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે સીબીઆઇએ ગુનો દાખલ કર્યો

**સાયબર** ગુનાઓ અને અન્ય છેતરપિંડી દ્વારા મેળવેલા રૂ.ફંડ જમા કરવા બનાવટી દસ્તાવેજો વડે અનેક મ્યુલ ખાતા ખોલવામાં આવ્યા હતા

**નવી દિલ્હી, તા. ૧૬(PTI):** સીબીઆઈ એ શ્રીગંગાનગરમાં પંજાબ એન્ડ સિંધ બેંકના ભૂતપૂર્વ બ્રાન્ચ હેડ અને અન્ય લોકો સામે બે અલગ-અલગ FIR નોંધી છે. તેમના પર આરોપ છે કે તેમણે 'મ્યુલ એકાઉન્ટ્સ' ખોલ્યા હતા, જેનો ઉપયોગ સાયબર ક્રાઈમ અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દ્વારા પેદા થયેલા 1,621 કરોડથી વધુના ભંડોળને છુપાવવા અને લેયરિંગ કરવા માટે કરવામાં આવ્યો હતો, તેમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

એજન્સીએ તેની પ્રાથમિક તપાસના આધારે આ કાર્યવાહી કરી છે, જેમાં રાજસ્થાનના શ્રીગંગાનગરમાં બેંકની ગવર્નમેન્ટ ગર્લ્સ સિનિયર સેકન્ડરી સ્કૂલ બ્રાન્ચમાં ૧૩ મ્યુલ એકાઉન્ટ્સ અને જિલ્લાની મુખ્ય શાખામાં આવા ચાર એકાઉન્ટ્સ હોવાનું બહાર આવ્યું હતું. આ ખાતાઓ દ્વારા સાયબર ગુનાઓ અને અન્ય છેતરપિંડી દ્વારા મેળવેલા 1,621 કરોડના ગેરકાયદે ભંડોળનું મની લોન્ડરિંગ કરવામાં આવ્યું હતું. એજન્સીએ મુખ્ય શાખાના ભૂતપૂર્વ ચીફ મેનેજર અને હેડ અમન આનંદ, અને ગવર્નમેન્ટ ગર્લ્સ સિનિયર સેકન્ડરી સ્કૂલ શાખાના હેડ વિકાસ વાધવા ઉપરાંત ખાતા ખોલવાની સુવિધા આપનાર કંપનીઓ અને વ્યક્તિઓ સહિત અન્ય અનેક સંસ્થાઓ સામે ગુનો નોંધ્યો છે. એજન્સીએ શોધી કાઢ્યું હતું કે અનેક વ્યક્તિઓએ આ ખાતાઓ ખોલવા માટે બનાવટી અને ખોટા KYC દસ્તાવેજો, નકલી ભાડા કરાર અને અન્ય બનાવટી દસ્તાવેજોની વ્યવસ્થા કરી હતી.

એફઆઈઆરમાં એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે, આ ખાતાઓ અજાણ્યા બેંક અધિકારીઓની મિલીભગત અને ગુનાહિત કાવતરાથી, KYC ધોરણો, યોગ્ય તપાસની જરૂરિયાતો અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું ઉલ્લંઘન કરીને ખોલવામાં આવ્યા હતા. મ્યુલ એકાઉન્ટ – જે ખોટા ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. તેનો મુખ્યત્વે

...અનુસંધાન પાના 5 પર

## ભાજપ નવા પક્ષ પ્રમુખનું નામ ૨૦મીએ જાહેર કરશે

**ચૂંટણી** કાર્યક્રમ જાહેર કરાયો, જો કે કાર્યકારી પ્રમુખ નીતિન નબીન બિનહરીફ ચૂંટાઇ આવે તેવી શક્યતા

**નવી દિલ્હી, તા. ૧૬(પીટીઆઇ):** ભાજપે શુક્રવારે તેના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટેનું સમયપત્રક જાહેર કર્યું છે, જેમાં જણાવ્યું છે કે આ પદ માટે ૧૯ જાન્યુઆરીએ નામાંકન ભરવામાં આવશે અને બીજા દિવસે નવા વડાના નામની જાહેરાત કરવામાં આવશે. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ નિતિન નબીન પક્ષ પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાય

...અનુસંધાન પાના 5 પર

## ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી અને ધુમ્મસ

**પંજાબમાં** પારો ૦.૯ ડિગ્રીએ પહોંચ્યો, કાશ્મીરમાં તાજી હિમવર્ષા

**દિલ્હીમાં** પ્રદૂષણ વધતા GRAP-3 નિયંત્રણો લાગુ, નોઈડામાં શાળાઓ બંધ; કાશ્મીરમાં પારો માઈનસમાં

નવી દિલ્હીઃ સમગ્ર ઉત્તર ભારત હાલમાં ભીષણ ઠંડી અને ગાઢ ધુમ્મસની ઝપેટમાં છે. શુક્રવારે પંજાબના એસબીએસ નગર (૦.૯ ડિગ્રી) અને હરિયાણાના ભિવાની (૧.૫ ડિગ્રી)માં લઘુત્તમ તાપમાન ગગડતા જનજીવન પ્રભાવિત થયું હતું. રાજસ્થાનના અલવર અને ફતેહપુર જેવા વિસ્તારોમાં પણ પારો ૩ ડિગ્રીની આસપાસ રહ્યો છે. દિલ્હીમાં તાપમાન ૪.૩ ડિગ્રી નોંધાયું હતું. ઠંડીની સાથે હવાની ગુણવત્તા (AQI 354) 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં પહોંચતા સત્તાવાળાઓએ GRAP-3 હેઠળના કડક નિયંત્રણો ફરી લાગુ કર્યા છે. ઉત્તર પ્રદેશના નોઈડામાં ગાઢ ધુમ્મસ અને કાતિલ ઠંડીને કારણે ધોરણ ૮ સુધીની શાળાઓ શુક્રવાર અને શનિવાર માટે બંધ રાખવાનો આદેશ અપાયો છે. કાશ્મીરના પ્રસિદ્ધ પર્યટન સ્થળ સોનમર્ગ અને અન્ય ઊંચાઈવાળા વિસ્તારોમાં શુક્રવારે તાજી હિમવર્ષા થઈ છે. આ બરફવર્ષાને કારણે ખીણના પ્રવાસન ઉદ્યોગમાં નવા ઉત્સાહનો સંચાર થયો છે. મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં આવેલા સોનમર્ગમાં મધ્યમ હિમવર્ષા નોંધાઈ હતી, જે મોડી સાંજ સુધી ચાલુ રહી હતી.

**રાજ્યવાર ઠંડીની સ્થિતિઃ** પંજાબ અને હરિયાણાઃ આ બંને રાજ્યોમાં ઠંડીનો સૌથી વધુ પ્રકોપ જોવા મળી રહ્યો છે. પંજાબના SBS નગરમાં પારો 0.9 ડિગ્રી સુધી ગગડ્યો હતો, જ્યારે હરિયાણાના ભિવાનીમાં 1.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુરુગ્રામ અને ફરીદાબાદમાં પણ પારો 5 ડિગ્રીની નીચે રહ્યો છે.

**દિલ્હી-NCRઃ** રાજધાની દિલ્હીમાં સફદરજંગ ખાતે લઘુત્તમ તાપમાન 4.3 ડિગ્રી નોંધાયું હતું. ઠંડીની સાથે પ્રદૂષણ પણ જીવલેણ બન્યું છે. AQI 354 (ખૂબ જ ખરાબ) નોંધાતા સરકારે બાંધકામ પર પ્રતિબંધ સહિતના GRAP-3 ના નિયમો ફરી લાગુ કર્યા છે. નોઈડામાં ધોરણ 8 સુધીની સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે.

**રાજસ્થાનઃ** રાજ્યમાં કોઈ રાહત નથી. અલવર, નાગૌર અને ફતેહપુર જેવા વિસ્તારોમાં તાપમાન 3 ડિગ્રી ની આસપાસ નોંધાયું છે, જેના કારણે ખેતીના પાક પર હિમ પડવાની ભીતિ સેવાઈ રહી છે.

**ઉત્તર પ્રદેશઃ** યુપીમાં લખનૌ સહિત અનેક જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું છે. કાનપુર, અયોધ્યા અને મુઝફ્ફરનગરમાં લઘુત્તમ તાપમાન 4 ડિગ્રી ની આસપાસ રહેતા સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે.

**જમ્મુ-કાશ્મીર અને હિમાચલઃ** કાશ્મીરના પુલવામામાં તાપમાન માઈનસ 4.6 ડિગ્રી સુધી પહોંચ્યું છે. હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિના તાબોમાં પારો માઈનસ 5.2 ડિગ્રી નોંધાયો હતો, જેના કારણે પીવાના પાણીની પાઈપલાઈનો જામી ગઈ છે.